# બાલંભા ગામને ૨૬ જાન્યુઆરી-૨૦૦૧ના આવેલ વિનાશકારી ભૂકંપે તબાહ કરી નાખ્યું હતું

## ૧૨,૦૦૦ની વસ્તી વાળા ગામમાં ભૂકંપની થપાટ પછી સ્થળાંતર થતા ત્રણ ભાગ પડી ગયા, હાલ માત્ર ૩,૨૦૦ ની વસ્તી : ભૂકંપમાં ૧૮ વ્યક્તિએ જીવ ગુમાવ્યા





જામનગર : ગત ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ આવેલા વિનાશક ભૂકંપમાં જામનગર જિલ્લાના જોડીયા પંથકમાં વ્યાપક અસર જોવા મળી હતી, જેમાં ખાસ કરીને બાલંભા ગામમાં ભૂકંપે ભારે તારાજી સર્જી હતી, અને મોટાભાગના રહેણાક મકાનો, દુકાનો, સરકારી ઈમારત વગેરેને ભારે ક્ષતિ પહોંચી હતી, ઉપરાંત ૧૮ વ્યક્તિએ પોતાના જીવ ગુમાવ્યા હતા, તો અનેક વ્યક્તિઓ ઘાયલ થઈ હતી. જેની યાદ ૨૫ વર્ષે પણ હજુ અનેક બુઝુર્ગ લોકોને તાજી થઈ રહી છે.

હાલની પરિસ્થિતિનો કયાસ કાઢીએ તો ભૂકંપે માત્ર જાન અને મકાનનું નુકસાન નથી કર્યું, પરંતુ, આ આખા વિસ્તારને જાણે તબાહ કરી નાખ્યો હતો, અને ભૂકંપની સૌથી વધુ અસર બાલંભા ગામમાં જોવા મળી હતી. ભૂકંપ પહેલા બાલંભા ગામની આશરે ૧૨,૦૦૦ જેવી વસ્તી હતી, જે આજે માત્ર ૩,૨૦૦ જેટલી થઈને ગઈ છે. મોટાભાગના લોકો ભૂકંપ અને ત્યાર પછી આવતા આફ્ટરશોકથી ડરી, થાકી, કંટાળીને બીજા શહેરમાં હિજરત કરી ગયા છે. મોટાભાગના વ્યવસાય-ધંધા રોજગાર પણ તેને કારણે ઠપ્પ થઈ ગયા છે. સાથો સાથ અહીં ગામના ત્રણ હિસ્સા પડી ગયા છે, જેમાં એક શાંતિનગર તરીકે અલગ વિસ્તાર સ્થાપિત થઈ ગયો છે, અને અલગ ગામ બન્યું છે. ઉપરાંત દલવાડી સમાજ કે જેઓએ પણ અલગ વિસ્તાર બનાવી લીધો અને તેનો પણ ત્રીજો ભાગ પડી જતાં બાલંભા હાલ ત્રણ ભાગમાં વહેંચાઈ ગયું છે,

ભૂકંપ સિવાય પણ અન્ય કુદરતી આફતો બાલંભાના ગ્રામજનોએ ભોગવી છે. જોડીયામાં સરકારી દવાખાનુ, સ્કૂલ, અન્ય સરકારી કચેરી, બેંક વગેરે પણ ભૂકંપમાં જમીનદોસ્ત થઈ ગયા હતા. જોકે હાલ ગામની બહારના ભાગમાં નવા સરકારી ઈમારતો તૈયાર કરીને ત્યાં સરકારી કામકાજ ચાલી રહ્યું છે. જૂની શાળા ભૂકંપમાં જમીન દોસ્ત થઈ ગયા બાદ નવી શાળા કાર્યરત કરી લેવામાં આવી છે. કેટલાક વયસ્ક નાગરિકો, કે જેઓ હજુ ભૂકંપ ની યાતનાઓ ભૂલ્યા નથી.

## તિવ્ર ઠંડીનામાં દ્વારકાધીશજીને ચાંદીની અંગીઠીમાં ઉષ્માર્પણ ભાવ



દ્વારકા : દરેક ઋતુની જનજીવન પર અસર થતી હોય છે ત્યારે શિયાળાની હાલ કડકડતી ઠંડી વચ્ચે લોકો રક્ષણ અર્થે ગરમ વસ્ત્રો સાથે સાથે તાપણાનો પણ સહારો લેતા હોય છે ત્યારે યાત્રાધામ દ્વારકા જગતમંદિરે પણ પુજારીઓ દ્વારા તિવ ઠંડીના સમયગાળામાં ઠાકોરજીને પણ ઠંડી લાગતી હોય, તેવા ભાવથી દ્વારકાધીશજી સમક્ષ ચાંદીની અંગીઠીમાં અગ્નિ પ્રજવલ્લિત કરી ઉષ્માર્પણનો ભાવ વ્યક્ત કરવામાં આવે છે. સાથે જ ઠાકોરજીને ગરમ શાલ પણ ઓઢાડવામાં આવે છે. દર વર્ષે શિયાળાની હાડ ધ્રુજાવતી ઠંડીના દિવસોમાં પરંપરાગત રીતે ચાંદીની અંગીઠીમાં તાપણાનો ભાવ વ્યકત કરાય છે.

## તમાચણ ગામે શ્રમિકોને ચા પીવડાવવાના પ્રશ્ને બે માતા-પુત્ર પર ત્રણ શખ્સોનો હુમલો

જામનગર : જામનગર તાલુકાના તમાચણ ગામમાં રહેતા અને અનાજ કરિયાણાની દુકાન તથા ચા ની હોટલ ચલાવતા રાકેશ પરષોત્તમભાઈ બોરીચા નામના ૩૫ વર્ષના વેપારીએ પોતાના ઉપર અને પોતાની વૃદ્ધ માતા ભાનુબેન ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે બાજુમાંજ દુકાન ધરાવતા મશરૂભાઈ રઘુભાઈ ચાવડીયા, વિશાલ મશરૂભાઈ ચાવડીયા, અને રવિ મશરૂભાઈ ચાવડીયા નામના ત્રણ પિતા પુત્રો સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફટીયાદી યુવાન આસપાસના વિસ્તારમાં કામ કરતાં શ્રમિકોને ચા પાણી પીવડાવવા માટે જતો હતો, જે આરોપી દુકાનદાર મશરૂભાઈ ચાવડીયા ને પસંદ ન હોવાથી તકરાર કરી હતી, અને આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે. પંચકોશી એ. ડિવિઝનના એ.એસ.આઇ. ડી.એ. રાઠોડ તપાસ ચલાવે છે.

## વરવાળામાં વૈદિક સંગોષ્ઠી અને શંકરાચાર્ય જનરલ હોસ્પિટલના ઉદ્ઘાટન અંગે બેઠક મળી



દ્વારકા : અનંત શ્રીવિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનન્દ સરસ્વતીજી મહારાજશ્રીની કૃપાપ્રસાદીથી શ્રી શરદાપીઠ વિદ્યાસભા અંતર્ગત સંચાલિત શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એવં ઈન્ડોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-દ્વારકામાં તારીખ- ૬/૨ થી ૮/૨ ના રોજ સમાયોજિત ત્રિદિવસીય વૈદિક સંગોષ્ઠીના આયોજન સંદર્ભે તેમજ શ્રી વરવાળા ટી. બી. સેનેટોરિયમ સંચાલિત શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલના તારીખ ૫/૨/૨૬ના રોજ ઉદ્ઘાટન સંદર્ભે ગત તા. ૨૪/૧ શનિવારે સાંજે ૫ વાગ્યે પૂજ્ય મહારાજશ્રીના શિષ્ય બ્રહ્મચારી શ્રી નારાયણાનંદજીની નિશ્રામાં બેઠક યોજાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત બંને કાર્યક્રમો અનંત શ્રીવિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનન્દ સરસ્વતીજી મહારાજશ્રીના પવિત્ર સાનિધ્યમાં સંપન્ન થવાના હોય. આ પાવન પ્રસંગે દ્વારકાના સૌ ધર્મપ્રિય નગરજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## નાઘુના ગામે યુવાનનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગર તાલુકાના નાઘુના ગામે રહેતા એક યુવાને કોઈપણ કારણોસર પોતાને ઘેર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ નાઘુના ગામમાં રહેતા ઋષિરાજસિંહ રણજીતસિંહ કેશોર નામના ૨૬ વર્ષના ક્ષત્રિય યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

જેને નીચે ઉતારીને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ હરપાલસિંહ રણજીતસિંહ કેશોરે પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફે જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

### દ્વારકાધીશજીને સુકા મેવા મનોરથ



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. શનિવારના નીલા (બ્લ્યુ) રંગના વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

## સપ્તાહમાં પાંચ દિવસના કામની માંગણી સાથે દેશવ્યાપી બેંક હડતાલમાં જામનગરના કર્મીઓ જોડાશે

જામનગર : દેશભરની જાહેરક્ષેત્ર તેમજ ખાનગી બેંકોના કર્મચારીઓના નવ યુનિયનોના બનેલા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા બેંકોમાં પાંચ દિવસના સપ્તાહના અમલીકરણની માંગણીના ટેકામાં આવતીકાલ તા.૨૭-૧ મંગળવારના રોજ દેશવ્યાપી બેંક હડતાલનું એલાન આપ્યું છે જેમાં વિવિધ બેંકોના ૮લાખ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ જોડાશે.

અગાઉ આઈબીએ સાથે થયેલી સમજુતીઓ અને કરાર હેઠળ બેંકોમાં પાંચ દિવસનું સપ્તાહ શરૂ કરવા અને મહીનાના તમામ શનિવારે જાહેર રજા રાખવાનું નકકી થયુ હતુ જેના બદલામાં બેંક કર્મચારીઓ સોમવારથી શુકવાર સુધી પ્રત્યેક દિવસ ૪૦ મીનીટ વધુ કામ કરશે તેવી પણ સહમતિ સાધવામાં આવી હતી આ અંગે સરકારની સહમતીની રાહ જોવાય છે. પરંતુ સરકારે આ બાબતના અમલીકરણ માટે હજુ સુધી કોઈ જાહેરાત ન કરતા સરકારનું ધ્યાન ખેંચવા માટે બેંક કર્મચારીઓએ હડતાલનું એલાન આપવાની ફરજ પડી છે તેમ ગુજરાત બેંક વર્કર્સ યુનિયન (જામનગર)ના સહમંત્રી કુલીનભાઈ ધોળકીયાની એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તેમણે યાદીમાં વધુમા જણાવ્યું છે કે અઠવાડીયામાં પાંચ દિવસના કામકાજથી કર્મચારીઓ પર કામનું ભારણ ઘટશે અને તેઓની કાર્યક્ષમતામાં વધારો થશે તેઓ વધુમાં જણાવેછે કે કેન્દ્ર સરકાર અને કેટલીક રાજય સરકારો, એલ.આઈ.સી, રિઝર્વ બેન્ક, શેર બજાર, ફોરેકસ માર્કેટમાં હાલ પાંચ દિવસનું સપ્તાહ અમલી છે. માત્ર બેંક કર્મચારીઓને જ બાકાત રાખવામાં આવેલ છે.દર શનિ રવિ બેંકોમાં રજા રાખવાથી ગ્રાહક સેવાને કોઈ અસર પડશે નહિ કારણકે આજે નાણાકીય વ્યવહાર માટેના અનેક વિકલ્પો મોજુદ છે.

અંતે જણાવાયું છે કે તા.૨૭-૦૧ની બેંક હડતાલમાં રાજકોટના ૧૫૦૦, સૌરાષ્ટ્ર–કચ્છના ૫૫૦૦ સહીત ગુજરાતભરના ૧૫૦૦૦ જેટલા કર્મચારીઓ જોડાશે અને પોતાની માંગણીઓનો પડઘો પાડશે. બેંક હડતાલને કારણે ગ્રાહકોને પડનાર સભવિંત મુશ્કેલી અંગે યુનિયન દિલગીરી વ્યકત કરે છે.

## મીઠાપરમાં આશાપુરા મંદિર ભક્તિના રંગે રંગાયું




મીઠાપુરના આંગણે દેશદેવી મા આશાપુરા મંદિરે ધર્મ ભક્તિ સાથે આજે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાષ્ટ્રીય ભક્તિના રંગે રંગાયુ.

ઘી નવાનગર કો-ઓપરેટીવ બેંક લી.
Your Trusted Banking Partner
PROUDLY CO-OPERATIVE

જામનગર શહેરની જનતાને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ

ઘરનું સોલાર, ઘર, કાર, ઉચ્ચ અભ્યાસ, વ્યક્તિગત રૂફટોપ, ફર્નિચર જેવા ઉપયોગો માટે ઓછા વ્યાજદરે સરળ લોન્સ ઉપલબ્ધ

આપના બિઝનેસ માટેની ધંધાકિય હેતુ માટે કેશ ક્રેડીટ / ઓવરડ્રાફટ, મશીનરી લોન, કોમર્શીયલ એસ્ટેટ લોન વગેરે જેવી પરસ્પર લાભદાયી ધિરાણ સવલતો

આપના કરન્ટ ખાતામાં ખૂબ જ ઓછી બેલેન્સ મેઈન્ટેન્સની જરૂરીયાતો સાથે ઉત્કૃષ્ટ બેંકીંગ સેવાઓ

કોઈપણ ચાર્જીસ વિના અઝખ, Mobile Banking, RTGS/ NEFT / IMPS / UPI વગેરે જેવી ડિજીટલ બેંકીંગ સેવાઓનો લાભ

CASH LESS BUSINESS માટે QR KIT તથા SOUND BOXની સવલતો એકદમ વ્યાજબી ભાવે ઉપલબ્ધ.

આપની બચતની રૂા.૫.૦૦ લાખ સુધીની રકમની સંપૂર્ણ વીમા સુરક્ષા સાથે માર્કેટ આધારીત આકર્ષક થાપણ વ્યાજ દરો

શહેરની અગ્રગણ્ય સહકારી બેંક ધી નવાનગર કો-ઓપ. બેંક લી.ને પ્રાથમિકતા આપીએ, અને સ્વદેશી અપનાવીને દેશના અર્થતંત્રને વધુ મજબુત કરવા સહયોગ

વધુ માહિતી માટે અમારી નજીકની શાખાનો સંપર્ક કરો અથવા અમારી વેબ સાઈટ www.tncbl.bank.in ની મુલાકાત લઈ મેળવી શકો છો.

જામનગર મહાનગરપાલિકા
જનસંપર્ક શાખા–જ્યુબેલી ગાર્ડન, લાલબંગલો, જામનગર

ભારતના ૭૭માં પ્રજાસત્તાક દિવસની સર્વેને હાર્દિક શુભકામનાઓ

(૧) શહેરની જાહેર મિલ્કતો આપણી સૌની છે, તેની જાળવણી કરીએ.
(૨) રણમલ તળાવમાં કચરો ન નાખીએ એ તેમાં મહેમાન બનતા પક્ષીઓની મોટી સેવા છે.
(૩) પ્લાસ્ટીક પર્યાવરણનો મોટો દુશ્મન છે, તેનાથી દૂર રહીએ. દિન-બ-દિન વપરાશ ઘટાડીએ.
(૪) જામનગર મહાનગરપાલિકાની વેબ સાઇટ www.mcjamnagar.com ઉપર ઓનલાઇન વેરો ભરી ઓનલાઇન પેમેન્ટમાં ૨% ડીસ્કાઉન્ટ અને વધુમાં વધુ રૂા.૨૫૦/-નો લાભ મેળવો વેરા/ચાર્જીસ ભરપાઇ કરવાના સ્થળ મહાનગરપાલિકા મેઇન ઓફીસ, સીવીક સેન્ટરો, આઇડીબીઆઇ બેંક, એચડીએફસી બેંક, ધી નવાનગર કો.ઓ.બેંક,તથા કોટક મહિન્દ્રા બેંકની શહેરની તમામ શાખાઓમાં સુવિધા તથા ડેબીટ કાર્ડ ભરપાઇ કરવાના સુવિધા તથા ડેબીટ કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ, યુ.પી.આઇ. તથા QR CODE સ્કેન કરી E-WALLETS દ્વારા PayZaap, BHIM, Google PAY, Paytm, Phonepe, Mobiwik વી.થી ઓનલાઇન ભરપાઇ કરી સમયની બચત કરો.
(૫) મહાનગર પાલિકાની મોબાઇલ એપ્લીકેશન JMC CONNECT ડાઉનલોડ કરો અને ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો.
(૬) મોબાઇલ નંબર રજીસ્ટ્રેશન કરાવી મીલકત વેરાના બીલ તથા અન્ય સ્કીમની SMS દ્વારા જાણકારી મેળવો.
(૭) ઓનલાઇન સેવાઓ : મિલ્કત વેરો, વોટરચાર્જ, વ્યવસાય વેરા, શોપ લાયસન્સ, ફૂડ લાયસન્સ, કારખાના લાયસન્સ, જન્મ-મરણ પ્રમાણપત્ર અને ફરિયાદ નોંધણી
(૮) આપના ઘરની સાથે સાથે ગલ્લી, મોહલ્લો, શહેરને સાફ રાખી 'સ્વચ્છતા ગૃહી બની રોગચાળાને બચાવી. ભીનો તથા સુકો કચરો અલગ રાખી કલેકશન વેનને આપવાનો આગ્રહ રાખો.
(૯) પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી રાષ્ટ્રીય સંપતિનો બચાવ કરીએ. જળ એ જ જીવન છે.
(૧૦)દિનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબ કુટુંબના સ્વસહાય જુથો બનાવી તેઓને સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ રોજગારીની તકો પુરી પાડીએ
(૧૧) આપના વાહનો નિયત કરેલ પાર્કિંગમાં જ રાખીએ અને ટ્રાફિકના પ્રશ્નોથી બચીએ.
(૧૨) આપના નવા બનાવવાના થતાં મકાનો/બાંધકામોની નિયમોનુસારની મંજુરી મેળવવાનો આગ્રહ રાખીએ અને નિયમોનુસાર બાંધકામ કરીએ.
(૧૩) માન. પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનો લાભ લેવો.
(૧૪) આધારકાર્ડ નોંધણી ફરજિયાત હોય જન્મથી તમામ ઉંમરના લોકોએ આધાર મેળવવું ફરજીયાત છે.
(૧૫) ઇ-શ્રમકાર્ડ હેઠળ અકસ્માતથી મૃત્યુ થાય તો રૂા. બે લાખનો વીમો તેમજ અપંગતતાના કિસ્સામાં રૂા. એક લાખ મળવા પાત્ર છે જેનો લાભ લઇએ.
(૧૬) પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ રૂા.દશ હજાર થી ૨૫ હજાર સુધીની લોન સહાય જેમાં ૭% સુધીની સબસીડી સાથે સરળ હપ્તથી શહેરી ફેરિયાઓ માટે લોન સહાય યોજનાનો લાભ લઇએ.
(૧૭) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ૧૮ પ્રકારના કારીગરોને લોન સહાય ૫% સુધીની સબસીડી સાથે આપવાની યોજના જે નજીકના Csc/e-gram સેન્ટર પર અથવા સેલ્ફ રજીસ્ટ્રેશન www.pmvishwakarma.gov.in પર કરી શકાશે.
(૧૮) આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના AB-PMJAY-MA અંતર્ગત ગુજરાત રાજયમાં રૂા.૧૦ લાખ તથા અન્ય રાજયમાં રૂા.૫ લાખની તબીબી સહાય મળવાપાત્ર છે. જે જામનગરના તમામ ૧૨ આરોગ્યકેન્દ્ર પરથી કાર્ડની નોંધણી અને ૧૩ પ્રાઇવેટ હોસ્પિટલમાં કાર્ડ નોંધણી અને સારવાર મળે છે. benificiary.nha.gov.in પરથી nfsa લાભાર્થી જાતે બનાવી શકે છે.
(૧૯)આયુષ્યમાન ભારત ડીજીટલ મિશન ABDM અંતર્ગત 'આભાકાર્ડ' ઇસ્યુ થાય છે જે કાર્ડધારકનો તમામ હેલ્થ રેકોર્ડ ઓનલાઇન સાચવે છે. જે abdm.gov.in પરથી સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકાય છે.

ડી.એન.મોદી (IAS) કમિશ્નર | નિલેશભાઇ બી. કગથરા ચેરમેન સ્ટે. કમિટી | ક્રિષ્નાબેન સોઢા ડે.મેયર | વિનોદભાઇ ખીમસુરિયા મેયર




